અગ્નિ-૪ મિસાઈલનું પરિક્ષણ કરાયું

બેલાસોર,તા. ૨૦

ભારતે આજે પરમાણુ સક્ષમ વ્યૂહાત્મક મિસાઈલ અગ્નિ-૪નું સફળ પરિક્ષણ કર્યુ હતુ. આ મિસાઈલની રેન્જ ૪૦૦૦ કિલોમીટરની છે. ઓરિસ્સાના દરિયાકાંઠાથી આ મિસાઈલનું સફળતાપૂર્વક પરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. પરિક્ષણ કરવામાં આવ્યુ ત્યારે ટોચના સંરક્ષણ વૈજ્ઞાનિકો અને ડીઆરડીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જના ડિરેક્ટર વીકેવી પ્રસાદે માહિતી આપતા કહ્યુ હતુ કે ટેસ્ટ ફાયરિંગને સંપૂર્ણપણે સફળતા મળી છે. આ મિસાઈલની સંપૂર્ણ રેન્જ અમલી રહી હતી. સવારે ૧૦.૫૨ વાગ્યે વીલર આઈલેન્ડ ખાતે આઈટીઆરના લોન્ચ સંકુલ-૪ પરથી આ મિસાઈલ લોન્ચ કરવામાં આવી હતી. આ મિસાઈલમાં અતિઆધુનિક સુવિધાઓ રહેલી છે. અતિઆધુનિક મિસાઈલ વજનમાં પ્રમાણમાં ઓછી છે. આ મિસાઈલ ડીઆરડીઓ દ્વારા વિકાસના તબક્કામાં છે. અગ્નિ-૪ મિસાઈલનું ત્રીજી વખત ડેવલોપમેન્ટ ટ્રાયલ પરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. ઓરિસ્સાના દરિયાકાંઠા પર રડાર અને ઈલેક્ટ્રો ઓપ્ટિકલ સિસ્ટમને પહેલાથી જ વ્યવસ્થિત કરી દેવામાં આવી હતી.

આ મિસાઈલનું છેલ્લીવખત પરિક્ષણ ૧૯મી સપ્ટેમ્બર ૨૦૧૨ના દિવસે આ જ જગ્યાએ કરવામાં આવ્યુ હતુ.આ મિસાઈલની રેન્જ ૪૦૦૦ કિલોમીટર છે. આ મિસાઈલ અતિ આધુનિક છે અને તેમાં પ્રકારની સુવિધાઓ રહેલી છે તેવું જાણવા મળ્યુ છે. અગ્નિ-૪ મિસાઈલના પરિક્ષણ ઉપર તમામ લોકોની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. આ મિસાઈલની લંબાઈ ૨૦ મીટરની અને વજન ૧૭ હજાર કિલોગ્રામ જેટલું છે. જ્યારે ઓપરેશનલ રેન્જ ૪૦૦૦ કિલોમીટરની જ છે. પરિક્ષણ કરવામાં આવ્યુ ત્યારે એમવીકે પ્રસાદ દ્વારા આ અંગે માહિતી આપવામાં આવી હતી. સંપૂર્ણપણે ડિઝિટલ કન્ટ્રોલ સિસ્ટમ આમાં ગોઠવાયેલી છે. ટાર્ગેટને નક્કી કરવા માટે અને ગાઈડ કરવા માટે સાધનો ગોઠવાયેલા છે. ડીઆરડીઓના અધિકારીઓએ કહ્યુ હતુકે આ મિસાઈલ ખૂબજ વિશ્વસનિય છે અને પરિણામલક્ષી છે. આ મિસાઈલ જમીનથી જમીનમાં પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે. સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ છે કે આ મિસાઈલ ૧૦૦૦ કિલોગ્રામ સુધીના વજનના વિસ્ફોટકો સાથે લઈને ત્રાટકી શકે છે.

તીવ્ર માંગ વચ્ચે રાજીનામુ આપવા ભારતીનો ઈન્કાર

નવી દિલ્હી,તા. ૨૦

દિલ્હીના કાયદા પ્રધાન તરીકે રાજીનામુ આપી દેવાનું તીવ્ર દબાણ હોવા છતાં આમ આદમી પાર્ટીના નેતા સોમનાથ ભારતીયે કહ્યુ હતુ કે તેમની પાર્ટીના નેતાઓ સામાન્ય લોકોની વાસ્તવિક રજુઆતો તરફ ધ્યાન આપશે અને લડત ચલાવશે. રેલ ભવનની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા ભારતીએ કહ્યુ હતુ કે અમે જાન આપી દઈશું પરંતુ દિલ્હીના લોકો માટે લડત

ચલાવીશું. ભાજપ અને કોંગ્રેસ દ્વારા સર્જવામાં આવેલા અંધાધૂંધીના કારણે આ સમસ્યા ઉભી થઈ છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની માગણીને ટેકો આપતા તેમણે કહ્યુ હતુ કે રાજ્ય સરકારના અંકુશહેઠળ દિલ્હી પોલીસને લેવામાં આવે તે જરૂરી છે. કેન્દ્ર સરકારના અયોગ્ય વર્તનના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. અંધાધૂંધી માટે અમે જવાબદાર નથી. અમારી માંગણી કેન્દ્ર સરકાર દ્વારા માનવામાં આવી નથી. અમારી માંગણી જ્યાં સુધી પૂરી કરાશે નહીં ત્યાં સુધી આંદોલન કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યુ હતુકે તેમના અયોગ્ય વર્તન અને રાજીનામાની વાત કરવી બિલકુલ અયોગ્ય છે. ભારતીય કોંગ્રેસ મહિલા પાંખ દ્વારા કરવામાં આવેલા પ્રશ્નોનો તેમણે જવાબ આપ્યો હતો.

જૈન સમુદાયને લઘુમતિ દરજ્જો

કેબિનેટની બેઠકમાં ચૂંટણી પહેલા મહત્વપૂર્ણ નિર્ણય : દેશમાં કુલ વસ્તી પૈકી જૈન સમુદાયની વસ્તી બે ટકા હોવાનો દાવો : જાહેરનામા બાદ જૈન સમુદાય છઠ્ઠા ધાર્મિક લઘુમતિ સમુદાય તરીકે દરજ્જો મેળવી લેશે

નવી દિલ્હી,તા. ૨૦

કેન્દ્ર સરકારે આજે એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને જૈન સમુદાયને લઘુમતિનો દરજ્જો આપવાનો નિર્ણય કર્યો હતો. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે આ નિર્ણયને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આજે કેબિનેટની અતિ મહત્વપૂર્ણ બેઠક મળી હતી જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી આ મુદ્દાને લઈને ખૂબ સક્રિય થયેલા હતા. રાહુલે છેલ્લા કેટલાક દિવસથી જૈન સમુદાયને લઘુમનતિ દરજ્જો આપવાને લઈને રસ દર્શાવ્યો હતો. આજે જૈન સમુદાયના લોકોથી મળ્યા બાદ રાહુલ ગાંધીએ વડાપ્રધાન મનમોહનસિંહ સાથે વાતચીત કરી હતી ત્યારબાદથી જ એવી અટકલો ચાલી રહી હતી કે જૈન સમુદાયને લઘુમતિ દરજ્જા અંગેનો નિર્ણય કોઈ પણ સમયે લઈ શકાય છે. દેશમાં જૈન સમુદાય કુલ વસ્તીના બે ટકામાં છે. પંજાબમાં જૈન સમુદાયે કેન્દ્ર સરકાર સમક્ષ લઘુમતિ દરજ્જાની માંગ કરી હતી. તેમના સમુદાયના લોકો પણ એવી જ સ્કોલરશીપ અને ફંડનો લાભ લઈ શકે જે લઘુમતિઓને આપવામાં આવે છે. વડાપ્રધાનના ૧૫ સૂત્રના કાર્યક્રમ હેઠળ લઘુમતિ સમુદાય હેઠળ સ્કોલરશીપ અને ફંડ આપવામાં આવે છે. જૈન સમુદાયને હજુ સુધી માત્ર ૧૩ રાજ્યો જેમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, દિલ્હી, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, ઝારખંડ અને ઉત્તરપ્રદેશ સામેલ છેમાં જ લઘુમતિ દરજ્જો મળેલો છે. રાષ્ટ્રીય સ્તર પર જૈન સમુદાયના લોકોએ લઘુમતિ દરજ્જાની માંગણી કરી હતી અને સરકાર પર દબાણ પણ લાવવામાં આવ્યુ હતુ. જૈન સમુદાયના લોકોની દલીલ હતી કે જન્મ, મૃત્યુ અને લગ્ન જેવા સંસ્કાર હિન્દુઓ કરતા અલગ છે. જૈન સમુદાયને લઘુમતિ દરજ્જો અપાયા બાદ સમુદાયના લોકોમાં સંતોષની લાગણી ફેલાઈ ગઈ છે. એક વખતે જાહેરનામુ જારી કરવામાં આવ્યા બાદ જૈન સમુદાય દેશના છઠ્ઠા ધાર્મિક લઘુમતિ સમુદાય તરીકે થઈ જશે. હજુ સુધી મુસ્લિમ, શિખ, બૌદ્ધ, ખ્રિસ્તી અને પારસી સમુદાયના લોકોને આ દરજ્જો મળેલો છે.

રાજ્યોને વધુ અન્ન ખરીદી કેન્દ્રો શરૂ કરવાની સુચના

નવી દિલ્હી,તા. ૨૦

ખાદ્ય સુરક્ષા અધિનિયમના મલ માટે રાજ્ય સરકારોને વધુ અનાજની પ્રાપ્તિ માટે વધુ કન્દ્રો ખોલવા સહિતની તમામ માળખાકીય જરૂરીયાતો ઉભી કરવા સુચના આપવામાં આવી છે. તેમાં અનાજ સગ્રહ માટેની જગ્યા, નાણાંકીય ધિરાણ અને કર્મચારીઓની જરૂરીયાતોનો પણ સમાવેશ થાય છે. આગામી રવિ બજાર મોસમમાં ઘઉંની વધુ પ્રાપ્તિ તઈ શકે અને બાકીની જરૂરી માળખાકીય જરૂરીયાતો અંગેની સમીક્ષા માટે ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં ભારત સરકારે વિવિધ રાજ્યોના ખાદ્ય સચિવોની બેઠક બોલાવી છે. રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયનના અમલ માટે ૬૧૪.૩ લાખ ટનઅનાજની જરૂર છે. તેની સામે છેલ્લા પાંચ વરૂ, દરમિયાન સરેરાશ ૫૧૪ લાખ ટન અનાજની પ્રાપ્તિ થઈ શકી છે. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયન હેઠળ ભારત સરકાર હવે રાજ્યમાં અનાજની હેરવણી ફેરવણી અને નિયમ મુજબનો એફપીસી ડીલર્સના માર્જિનના ખર્ચ બોજનુ વહન કરવામાં રાજ્યોને મદદ કરશે. અગામી બેઠકમાં પ્રત્યેક રાજ્યમાં ઘઉંના માર્કેટેબલ સરપ્લસના અંદાજો અને રવિ મોસમમાં ઘઉંની પ્રાપ્તિના અંદાજો અંગે પણ ચર્ચા હાથ ધરાશે. અધિનિયન હેઠળ રાજ્ય અને જિલ્લા સ્તરે ફરિયાદ નિવારણ તંત્રની રચના કરવા ઉપરાંત જાહેર વિતરણ વ્યવસ્થા અંગેના રેકોર્ડજાહેર થઈ શકશે એવ જોગવાઈ પણ કરવામાં ાવી છે. જાહેર વિતરણ વ્યવસ્થામાં પારદર્શકતા અને જવાબદેહીતા વધે તે હેતુસર તકેદારી સમિતીઓની રચના અને સોશિયલ ઓડિટની પણ જોગવાઈ છે. જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી દ્વારા થયેલી ભલામણ મુજબની રાહતો પુરી પાડવામાં નિષ્ફળ રહ્યાના કિસ્સા રાજ્ય ખાદ્ય પંચ દ્વારા જાહેર સેવક અથવા તો સત્તાવાળાઓને દંડિત કરી શકાય છે.

દેશમાં પ્રજાસત્તાક દિવસ પૂર્વે ત્રાસવાદીઓ હવાઈ હુમલા કરી શકે : ખતરનાક ત્રાસવાદી યાસિન ભટ્કલને છોડાવવા માટેના પ્રયાસો

નવી દિલ્હી,તા. ૨૦

પ્રજાસત્તાક દિવસની ઉજવણી આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ત્રાસવાદીઓ દેશમાં હવાઈ હુમલા કરવાની યોજના બનાવી રહ્યા હોવાની વિગતચ સપાટી પર આવી છે. ત્રાસવાદીઓના ઘાતક ઈરાદા દેખાઈ રહ્યા છે. સુરક્ષા સંસ્થાઓદ્વારા ચિંતા વ્યકત કરવામાં આવ્યા બાદ દેશના તમામ મોટા શહેરોમાં સુરક્ષા વધારવામાં આવી રહી છે. પાકિસ્તાન સ્થિતી ત્રાસવાદીઓ ઉડ્યન સેક્ટરને ટાર્ગેટ બનાવીને હુમલાને અંજામ આપી શકે છે,. ભારતના સકંજામાં આવી ચુકેલા ત્રાસવાદી યાસીન ભટ્કલનેમુક્ત કરાવવા માટે આ હુમલા થઈ શકે છે. વિમાની મથકે હુમલા અને વિમાનોને વિસ્ફોટથી ફુંકી મારવાની યોજના બનાવવામાં આવી રહી છે. જો કે ભારતીય સુરક્ષા સંસ્થાઓ તેમની તમામ યોજનાને નિષ્ફળ કરવા માટે તૈયાર છે. આઈબી દ્વારા ચેતવણી આપવામાં આવ્યા બાદ ખાસ કાળજી રાખવામાં આવી રહી છે. સુરક્ષા ચકાસણી વધારે કડક બનાવવા માહિતી આપવામાં આવી છે. કારણ કે ત્રાસવાદી કોઈ ઈનસાઈડરના પણ હોઈ શકે છે. આઈબી દ્વારા તમામ ક્ષેત્રોના લોકોને પત્ર મારફતે ચેતવણી આપી છે. સાથે સાથે સાવધાન રહેવા માટે કહ્યું છે. તમામ પક્ષો, તમામ રાજ્યોના પોલીસ મહાનિર્દેશકો અને કેન્દ્રિય પોલીસ સંગઠનના વડાઓને પત્ર લખીને જાણ કરવામાં આવી છે. બ્યુરોએ કહ્યું છે કે ૨૦મી જાન્યુઆરીથી ૩૧મી જાન્યુઆરી સુધી તમામ વિમાનીમથકોમાં વિજિટર ટિકિટો સિવાય અન્યોને વિમાની મથક સંકુળમાં ઘુસવાની મંજૂરી આપવામાં ન આવે તે જરૂરી છે. ખુબ જ જરૂરી સ્થિતી હોવાની સ્થિતીમાં તમામ ચકાસણી પછી કોઈ વિજિટરને અંદર જવાની મંજૂરી આપવામાં આવે તેવી સ્પષ્ટ સુચના આપવામાં આવી છે. આ એલર્ટમાં આઈબીએ સંભવિત ખતરા અંગે વિગતવાર માહિતી આપી છે. ત્રાસવાદીઓ આ વખતે નવી મોડસ ઓપરેન્ડી પણ અપનાવી શકે છે. તમામ પ્રકારની નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી શકે છે. ત્રાસવાદીઓ હાલમાં નવી ટેકનોલોજી મેળવી રહ્યા છે.

હરિયાણામાં બે બહેન ઉપર એસિડ ફેંકાતા ભારે ચકચાર

ચંદીગઢ,તા. ૨૦

હરિયાણાના યમુનાનગર જિલ્લામાં જગધારી ખાતે બે પરણિત બહેનો પર એસિડ ફેંકવાની ઘટના બનતા ચકચાર મચી ગઈ છે. આ બે બહેનો પૈકીના એકના પતિએ એસિડ ફેંકતા ગંભીર ઈજા થઈ હતી. આ બંને બહેનો મંદિર તરફ જઈ રહી હતી ત્યારે આરોપી અશોક કુમારે પીધેલી હાલતમાં તેની પત્ની પૂજા પર એસિડ ફેંક્યો હતો. ૩૨ વર્ષીય પૂજા અને તેની બહેન ૩૮ વર્ષીય રેખાને આમાં ઈજા થઈ હતી. તેમના ચહેરા અને છાતીના હિસ્સા પર ઈજા થઈ હોવાનું જાણવા મળ્યુ છે. રેખાના હાથ પણ દાઝી ગયા છે. પૂજા અને અશોક વચ્ચે લગ્ન દરમિયાન ખેંચતાણ ચાલી રહી હતી. ઉત્તરપ્રદેશમાંથી તાજેતરમાં તેઓ અહીં આવ્યા હતા અને રહેવા લાગ્યા હતા. દરમિયાન પોલીસે અશોકની ધરપકડ કરવા માટે બે ટીમોની રચના કરી છે. આ કેસમાં તપાસ પણ હાથ ધરવામાં આવી છે. બંને બહેનોને દાઝી ગયા બાદ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

ચોખા અને ગિન્ડ કોટન પર સર્વિસ ટેક્સની તૈયારી શરૂ

મુંબઇ,તા. ૨૦

ચોખા અને ગિન્ડ કોટનની કિંમત વધે તેવી શક્યતા છે. કારણ કે નાણાં મંત્રાલય એવો અભિપ્રાય ધરાવે છે કે તેમના પરિવહન અને સ્ટોરેજને સર્વિસ ટેક્સમાંથી રાહત મળવી જોઇએ નહી. નાણાં પ્રધાન પીચ ચિદમ્બરમે આઠમી નવેમ્બરના દિવસે પત્ર લખીને ગ્રાહક બાબતોના પ્રધાન વી થોમસને કહ્યું હતું કે આ બન્ને જીન્સ એવી વસ્તુઓની નેગેટિવ યાદીમાં આવતી નથી જેના પર ૧૨.૩૬ ટકાનો સર્વિસ ટેક્સ લાગુ કરવામાં આવતો નથી. આ સંબંધમાં ગ્રાહક બાબતોના મંત્રાલયના અધિકારીઓ કહે છે કે તેઓએ મંત્રાલયની સ્પષ્ટતા અંગે સમીક્ષા કરી નથી. આ અધિકારી પૈકી એકે કહ્યું છે કે અમને કોટનને લઇને ચિંતા થઇ રહી છે. કારણ કે વધારે અસર તેના પર થશે. આ અંગે મે નાણાં મંત્રાલય સાથે વાતચીત કરી રહ્યા છીએ.

થોમસે બન્ને કોમોડીટીના પરિવહન અને સ્ટોરેજ પર સર્વિસ ટેક્સને લઇને અસ્પષ્ટ ચિત્ર નહી હોવાથી આ મામલે સ્પષ્ટીકરણની માંગ કરી હતી. નાણાં મંત્રાલય માને છે કે અનાજ એગ્રી પ્રોડક્ટ છે. ચોખા નથી. કારણ કે મિલમાં તેની પ્રોસેસિંગ થાય છે. જેથી તેને અગ્રો પ્રોડક્ટસના વર્ગમાંથી દુર કરવામાં આવે તે જરૂરી છે. તેને સર્વિસ ટેક્સથી મુક્ત રાખવામાં આવે તે અયોગ્ય છે. સર્વિસ ટેક્સની નેગેટિવ યાદી મુજબ જે કઇ પણ ચીજ પ્રોસેસ્ડ નથી અથવા તો જે ચીજ વસ્તુની ટ્રિટમેન્ટ પ્રોડ્યુસર અથવા તો કલ્ટીવેટર કરે છે અને જેથી તેના ગુણોમાં કોઇ ફેરફાર થતા નથી પરંતુ કોમોડીટી પ્રાઇમરી માર્કેટમાં સેલ માટે તૈયાર થાય છે તે ચીજ એગ્રી પ્રોડ્યુસ છે. પુણેની ટેક્સ એડવાઇજરી ફર્મના અધિકારી કહે છે કે ક્લેરિફિકેશનની દ્રષ્ટિએ ખેડુતો અને વેપારીને ચોકા અને કોટનના સ્ટોરેજ, લોડિગ, સ્ટોકિંગ અને પરિવહન જેવી બાબતો પર ૧૨.૩૬ ટકા સર્વિસ ટેક્સની ચુકવણી કરવી પડશે. પરંતુ ઘઉં જેવા બીજા કૃષિ પ્રોડક્સ પર સર્વિસ ટેક્સ લાગુ કરાતા નથી.

સમાચાર ઝલક

- ઉત્તરપ્રદેશમાં ભરતી પરીક્ષા સુપ્રીમ કોર્ટનાં નિર્દેશથી બંધ કરાઇ.
- આસામમાં બંધનો મિશ્ર પ્રતિસાદ મળ્યો.
- પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે પુરતો બંદોબસ્ત ગોઠવાયો.
- સેક્સ કૌભાંડ પોલીસની જાણ વિના ચાલે નહિ, તપાસ પર ભરોસો નથી : કેજરીવાલ.
- મહેમદાવાદ નજીક ટ્રીપલ અકસ્માત થયો, પાવાગઢમાં એસ.ટી. અકસ્માતમાં કોઇ વ્યક્તિને ઇજા થઇ નથી.
- મોઢેરા સૂર્યમંદિરમાં આજથી ઉત્તરાર્ધ મહોત્સવ શરૂ થયો.
- ગુજરાત યુનિવર્સિટીના પદવી પ્રમાણપત્રો ૩૧મી જાન્યુઆરી સુધી મેળવી લેવા.
- એર ઇન્ડિયાને રૂપિયા ૨૪૦૦ કરોડની ખોટ વર્ષ ૨૦૧૩-૧૪માં થશે.
- ફિલ્મ અભિનેતા સંજય દત્તને વધુ ૩૦ દિવસના પેરોલ મળ્યા, પત્નીની નાદુરસ્ત તબિયત હોવાથી.
- અમદાવાદમાં ૩૦ લાખ રૂપિયાની નકલી ઘડિયાળો પકડાઇ.
- સુરત-ભરૂચમાં કાપડના વેપારીઓને ત્યાં આવકવેરાના દરોડા.
- મહેસાણા જિલ્લામાં દરેક ગામોમાં વિકાસના કામોની મંજુરીની યાદી જાહેરમાં બોર્ડ પર લગાવાશે.
- રાજકોટમાં એક પાકિસ્તાની નાગરિકે આત્મહત્યા કરી.
- અમદાવાદમાં મણીનગર વિસ્તારમાં ૧૨ લાખની ઘરફોડ ચોરી થવા પામી.
- પર્યાવરણનાં મુદ્દે દેશમાં કેટલીય યોજનાઓ વિલંબમાં પડી છે, તેનાથી વિકાસ ધીમો પડ્યો.
- મુંબઇમાં દરિયામાં નૌકા જહાજ કિચડમાં ફસાઇ ગયું.
- ભારતે ઓરિસ્સામાં અગ્નિ-૪નું સફળ પરીક્ષણ કર્યું.
- રાવલપિંડીમાં આત્મઘાતી બોંબ વિસ્ફોટથી ૧૪ વ્યક્તિઓમાં મોત.
- ગુજરાત લોકાયુક્તને કોંગ્રેસના ધારાસભ્યોએ ભ્રષ્ટાચાર વિશે રજૂઆત કરી.
- બાપા બજરંગદાસ બાપુની પુણ્યતિથી ઉજવવામાં આવી, લાખો ભક્તો બગદાણામાં ઉમટ્યાં.

સંજયદત્તને વધુ એક માસ માટે પેરોલ મળતા રાહત

પૂણે,તા. ૨૦

બોલિવુડના સ્ટાર અભિનેતા સંજય દત્તને તેની પત્ની માન્યતાની માંદગીના પરિણામ સ્વરૂપે પેરોલ લંબાવી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સંજય દત્તને વધુ એક મહિના માટે પેરોલ મળી ચુકી છે. હાલમાં તે પેરોલ પર જ હતો. સોમવારે અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ હતુ કેપૂણેની યેરવાડા સેન્ટ્રલ જેલમાંથી ૨૧મી ડિસેમ્બરના દિવસે પેરોલ મેળવનાર સંજય દત્તને તેની પેરોલની એક મહિનાની અવધિ પૂરી થયા બાદ આજે ફરી જેલમાં જવાનો સમય હતો પરંતુ ફરી એક મહિના માટે તેને પેરોલ મળી ગયા છે. પત્ની માન્યતાને ખરાબ થઈ રહેલી તબિયતને ધ્યાનમાં લઈને પૂણેના ડિવિઝનલ કમિશનર સમક્ષ પેરોલ લંબાવાની માંગણી કરીને સંજય દત્તે અરજી કરી હતી. માન્યતા હાર્ટ અને લિવરની ઘણી બધી તકલીફથી પીડાઈ રહી છે. દક્ષિણ મધ્ય મુંબઈમાં ગ્લોબલ હોસ્પિટલમાં માન્યતાને દાખલ કરવામાં આવેલી છે. સારવાર માટે એક સપ્તાહ પહેલા તેને દાખલ કરાયેલી હતી. સંજયદત્તને વારંવાર પેરોલને લઈને તેની સામે પણ હોબાળો થઈ ચુક્યો છે. આ પહેલા સંજયદત્ત એક પખવાડિયા લાંબા ફરલો પર છુટ્યો હતો. આ ફરલોને ઓક્ટોબર ૨૦૧૩માં એક પખવાડિયા સુધી લંબાવી દેવામાં આવ્યો હતો. માર્ચ ૧૯૯૩ના સિરિયલ બ્લાસ્ટ કેસના સંદર્ભમાં અપરાધી ઠેરવવામાં આવેલા સંજય દત્તે મે ૨૦૧૩માં મુંબઈની ખાસ અદાલત સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધી હતી. સુપ્રીમ કોર્ટ દ્વારા તેને અપરાધી ઠેરવામાં આવ્યાબાદ શરણાગતિ સ્વીકારવામાં આવી હતી. સંજય દત્ત ત્યારબાદથી તેને ફટકારવામાં આવેલી પાંચ વર્ષની જેલની સજા પૈકી ૧૮ મહિના જેલમાં ગાળી ચુક્યો છે. સંજય દત્તને વધુ એક મહિના માટે પેરોલ મળતા આની સામે પણ હોબાળો થવાની સંભાવના છે.

વિચાર યાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

વડોદરાના માણભટ્ટ ધાર્મિકલાલ પંડયાએ માત્ર ગુજરાત કે દેશમાં જ નહીં પણ અમેરિકા, કેનેડા, થાઈલેન્ડ જઈને આખ્યાન રજૂ કર્યા છે. ખેદજનક વાત એ છે કે માણભટ્ટની પરંપરા હવે શેષ થવાને આરે છે. એવી જ રીતે આદિવાસી પરંપરામાં થાળીકથાનો રિવાજ છે. જેમાં થાળીમાં વાંસની પાતળી પટ્ટી પર સ્વર ભો કરીને વક્તા દ્વારા વાર્તા કહેવાની પરંપરા છે.

આપણે ત્યાં હવે કથાશ્રવણ પરંપરા મોટેભાગે ધાર્મિક સઝાહો પૂરતી જ મર્યાદિત રહી ગઈ છે. જોકે, નારાયણ દેસાઈએ ગાંધીકથા કહીને એક સરસ પ્રયોગ કર્યો છે. ગાંધીકથા પણ સ્ટોરીટેલિંગ જ છે, જેમાં ગાંધીજીના જીવનના પ્રસંગ રસાળશૈલીમાં રજૂ થયા છે. દેશવિદેશમાં ગાંધીકથાને જે ભાવભર્યો આવકાર મળ્યો છે એ દર્શાવે છે કે લોકોને વાર્તા સાંભળવી ખૂબ ગમે છે. લોકોમાં વાર્તા સાંભળવાનાં બીજ બાળપણથી જ પડેલાં હોય છે. ગાંધીકથા જેવા પ્રયોગો દ્વારા એ બીજને પોષણ મળી રહે છે.

મજેદાર ગુજરાતી નવલકથાનો પણ સ્ટોરીટેલિંગની રીતે રસાસ્વાદ કરાવી શકાય. ગામના ચોરે ભેગા મળીને કે પછી શહેરના કોઈ કોફીહાઉસમાં યાર-દોસ્તો સાથે મળીને વાર્તા કહેવા-સાંભળવાનો કાર્યક્રમ રાખી શકાય. આ મામલામાં પ્રાથમિક શરત એ છે કે મંડળીમાં કમ સે કમ કોઈ એક વ્યક્તિને એવી રસાળ રીતે વાર્તા કહેતા આવડવું જોઈએ કે જેથી શ્રોતા વાર્તામાં ઓતપ્રોત થઈ જાય. વચ્ચે વચ્ચે બધા કોઈ પ્રસંગ પર ચર્ચા પણ કરી શકે. રજાના દિવસે યાર-દોસ્તો કે સંબંધીઓને ઘરે બોલાવીને પણ આવો કાર્યક્રમ યોજી શકાય.

જેટની મુંબઈ-પેરિસની સેવા ૧૪મેથી શરૂ કરાશે

જેટ એરવેજ મુંબઈથી પેરિસ સેક્ટર પર દરરોજની ફ્લાઈટ શરૂ કરવાની યોજના ધરાવેછે. ૧૪મી મેથી આ સેવા શરૂ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. જેટ એરવેજ પેરિસ જતા લોકોને આવરી લેવાની યોજના ધરાવે છે સાથે સાથે પોતાની માર્કેટ હિસ્સેદારીને વધારવાની યોજના ધરાવે છે. ૧૪મી મેથી પેરિસ સુધીની સીધી ફ્લાઈટ શરૂ કરવામાં આવશે આની સાથે ફ્રાન્સના પાટનગરને ૨૧મા આંતરરાષ્ટ્રીય સ્થળ તરીકે બનાવવામાં આવશે. પેરિસ જતી ફ્લાઈટ મુંબઈથી ૧૨ વાગ્યે રવાના થશે અને ૫.૫૦ વાગ્યે પેરિસમાં પહોંચશે. જ્યારે રિટર્ન ફ્લાઈટ ૯ વાગ્યે રવાના થશે અને મુંબઈમાં તેના નિર્ધારિત ગાળા બાદ પહોચશે. જેટ દ્વારા સ્પેશિયલ રિટર્ન ટિકિટનું ભાડુ ૪૫૨૯૧ રાખવામાં આવ્યુ છે. જ્યારે રેગ્યુલર ભાડુ ૬૨૦૪૦ રૂપિયા રહેશે.

મોઢેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

મનુભાઇના જીવનમાં વળાંકનો હૃદય સ્પર્શી છતાં સૌ યુવાનો પ્રેરણાદાયી પ્રસંગ જોઇએ તો ૧૯૭૩માં મનુભાઇ પાસે સાઇકલ પણ નહોતી એમાં ફર્ટિલાઇઝર કંપની, GSFC બોટાદમાં પ્રોજેક્ટ રીપ્રેઝન્ટેટીવ પદે નોકરી મળી અને સાથોસાથ જીપકાર, ૧૯૭૩ થી ૧૯૮૦ નોકરી તો કરી પણ તેમના દાદા અમરશીભાઇએ સોના જેવા શબ્દો કહ્યા : “ભાઇ મનુ, ‘જે નોકરી કરે છે તે પોતાનું નસીબ વેચી નાખે છે. ગુલામ ન બનો. તમારી જાતે આગળ વધો.’ આ શબ્દો મનુભાઇના હૈયામાં ઉતરી ગયા અને વ્યવસાય તરફ વળ્યા. દાદાના શબ્દો તેઓ આજેય ભૂલ્યા નથી. સુરતમાં મોટા પુત્ર જયભાઇ સુરતમાં રાજહંસ પોઇન્ટમાં હેમરત્ન જવેલરીનો શોરૂમ સંભાળે છે. જ્યારે નાના પુત્ર વિવેક હોલ માર્કિંગ સેન્ટરનું સંચાલન કરે છે. પુત્રીઓ ફાલ્ગુની, આરતી અને શ્વેતા પરણીને સુરતમાં પોતપોતાની ગૃહસ્થી સંભાળે છે.”

પૌત્ર-પૌત્રી સાથે ખિલખિલાટ કરતા મનુભાઇ અને રમીલાબેન ભર્યુંભર્યું જીવન જીવી રહ્યા છે. પ્રમુખ સ્વામી સાથે પ્રીતિ બાંધનાર મનુભાઇ ઇશ્વર પર અતૂટ વિશ્વાસ ધરાવે છે. શૈક્ષણિક ક્ષેત્રમાં તેઓ ઉદાર હાથે ફાળો આપી રહ્યા છે.

અહીં એક સુભાષિત મનુભાઇના વ્યક્તિત્વને ભેટ ધરવા જેવું છે : ‘શાણપણનું પહેલું પગતિયું વિદ્યા છે’

નિખાલસ, સાલસ સ્વભાવ ધરાવતા, પરગજુપણાની ભાવના હંમેશા રાખતા મનુભાઇ અને તેમનો પરીવાર પોતાના જીવનમાં તમામ આયામો સિદ્ધ કરે તેવી શુભેચ્છા. તેઓ સમાજને અને રાષ્ટ્રને વધુને વધુ ઉપયોગી બને તેવી મનોકામના. તેમનો મોબાઇલ નં. છે : ૯૮૯૮૦૧૧૭૨૨